વર્ષ : ૦૩ અંક : ૦૧ તા. ૧૫-૦૫-૨૦૧૫ સળંગ અંક : ૧૩ એપ્રિલ-મે - ૨૦૧૫-૧૬
વર્ષ : ૦૩ અંક : ૦૧ તા. ૧૫-૦૫-૨૦૧૫ સળંગ અંક : ૧૩ એપ્રિલ-મે - ૨૦૧૫-૧૬
વર્ષ : ૦૩ અંક : ૦૧ તા. ૧૫-૦૫-૨૦૧૫ સળંગ અંક : ૧૩ એપ્રિલ-મે - ૨૦૧૫-૧૬

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું

મુખપત્ર

# હાયર મેસેજ

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦

Visit us on our Website : www.gshstf.blogspot.com

વર્ષ : ૦૩ અંક : ૦૧ તા. ૧૫-૫-૨૦૧૫ એપ્રિલ-મે-૨૦૧૫-૧૬ : સળંગ અંક : ૧૩

: પ્રમુખ, તંત્રી અને પ્રકાશક :
**શ્રી પંકજભાઈ કે. પટેલ**
(પ્રમુખ)
૨૦, સૂર્યરત્ન બંગલોઝ,
સરસ્વતી સ્કૂલ પાછળ,
સાયન્સ સીટી રોડ, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦.
મો. : ૯૪૨૬૦૧૫૦૯૧
મો. : ૯૭૨૭૦-૭૩૫૬૯

: મુખ્ય સંપાદક :
**શ્રી ભરતભાઈ વી. વ્યાસ**
સી-૩૨, નંદીપાર્ક નોબલ સ્કૂલ
પાસે, કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ-૪૬
(મો.) ૯૪૨૭૪૦૦૩૩૨
ફોન : ૦૭૯-૨૨૮૮૭૮૩૩

: મહામંત્રી :
**શ્રી વિનોદભાઈ જે. પટેલ**
બી-૨૬, હરીઓમનગર,
કેડીલા બ્રીજ પાસે,
ઘોડાસર, અમદાવાદ-૫૦.
મો. : ૯૪૨૬૧-૮૬૬૯૨
ફોન : ૨૫૮૩૨૮૨૮

વેબ કો. ઓડીનેટર
**બી. જી. મહંત-ગાંધીનગર**
૯૪૨૮૧૧૭૩૬૦

: સહતંત્રી :
**વિમલ પી. મકવાણા-આણંદ**
૯૮૨૫૫૮૭૩૯૦
**તુલસી મકવાણા-અમરેલી**
૯૪૨૬૨૩૩૯૯૨

: સહ સંપાદક :
**મહેશભાઈ આર. પટેલ**
: અમદાવાદ ગ્રામ્ય :
૯૮૯૮૦૬૨૯૨૮
**સુરેશભાઈ આર. પટેલ**
: અમદાવાદ શહેર :
૮૫૧૧૫૧૯૧૪૯

## -: સંપાદક મંડળ :-

(૧) શ્રી વિજય પી. પટેલ (મહેસાણા જિલ્લો)
(૨) શ્રી કમલેશ કે. પટેલ (સાબરકાંઠા જિલ્લો)
(૩) શ્રી ભૂપેન્દ્ર જી. મહંત (ગાંધીનગર જિલ્લો-વેબ કો.ઓર્ડિ.)
(૪) શ્રી કિશોરભાઈ વી. ઉભડીયા (મોરબી જિલ્લો)
(૫) શ્રી ધનંજય બી. મકવાણા (તાપી જિલ્લો)
(૬) શ્રી ગીરધર આર. ફળદુ (જામનગર જિલ્લો)
(૭) શ્રી રોહીત એસ. પટેલ (અરવલ્લી જિલ્લો)
(૮) શ્રી મનોજ આર. લોઢા (કચ્છ જિલ્લો)
(૯) શ્રી ભરતભાઈ પંડ્યા (મહીસાગર જિલ્લો)
(૧૦) શ્રી નિલેશભાઈ મોઢવાડીયા (પોરબંદર જિલ્લો)
(૧૧) શ્રી મુકેશભાઈ જે. પટેલ (છોટા ઉદેપુર)
(૧૨) શ્રી હરીશભાઈ મોરી (ગીર સોમનાથ)
(૧૩) છત્રસિંહ કાલુબાવા રાઠોડ (નર્મદા)

### ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના ઉ.મા. સંવર્ગના સદસ્યશ્રીઓ

(૧) શ્રી જયંતીલાલ એમ. ગડારા (રાજકોટ)
(૨) શ્રી પ્રકાશચંદ્ર સી. પટેલ (ભરૂચ)
(૩) શ્રી મહેશભાઈ એ. પટેલ (અમદાવાદ શહેર)

## -: મહામંડળ હોદ્દેદારો :-

| નામ | હોદ્દો | જિલ્લો |
|---|---|---|
| શ્રી પંકજભાઈ કે. પટેલ | પ્રમુખ | અમદાવાદ ગ્રામ્ય |
| શ્રી વિનોદભાઈ જે. પટેલ | મહામંત્રી | અમદાવાદ શહેર |
| શ્રી ભરતકુમાર આર. પટેલ | ઉપપ્રમુખ | આણંદ |
| શ્રી મુકેશભાઈ આઈ. પટેલ | ઉપપ્રમુખ | પાટણ |
| શ્રી વસંત એલ. પટેલ (નેસ્કર) | ઉપપ્રમુખ | સુરત |
| શ્રી પ્રતિકકુમાર એસ. પટેલ | ઉપપ્રમુખ | વડોદરા |
| શ્રી જયેશકુમાર બી. ઈનામદાર | પ્રાદેશીક મંત્રી | નડીયાદ |
| શ્રી ભરતભાઈ એ. પટેલ | પ્રાદેશીક મંત્રી | મહેસાણા |
| ડૉ. લીલાભાઈ બી. કડછા | પ્રાદેશિક મંત્રી | રાજકોટ |
| શ્રી નરસિંહ પી. ચૌધરી | પ્રાદેશિક મંત્રી | બનાસકાંઠા |
| શ્રી ભરતભાઈ આર. પટેલ | સહમંત્રી | સાબરકાંઠા |
| શ્રી મૃગેન્દ્રસિંહ કે. સોલંકી | સહમંત્રી | પંચમહાલ |
| શ્રી ભરતભાઈ બી. વઢેળ | સહમંત્રી | સુરેન્દ્રનગર |
| શ્રી ગજેન્દ્ર ડી. પરમાર | સહમંત્રી | દાહોદ |
| શ્રી નરેન્દ્રકુમાર આર. ઠાકોર | સંગઠનમંત્રી | વલસાડ |
| શ્રી ચંદ્રકાન્ત બી. પટેલ | સંગઠનમંત્રી | નવસારી |
| શ્રી ભાસ્કરકુમાર એન. પટેલ | સંગઠનમંત્રી | ગાંધીનગર |
| શ્રી રાજેન્દ્રસિંહ એલ. રાઠોડ | સંગઠનમંત્રી | ભાવનગર |
| શ્રી રાજેન્દ્રકુમાર બી. ભટ્ટ | ખજાનચી | ભુરૂચ |
| શ્રી મહાવીરસિંહ એન. વાળા | અન્વેષક | જૂનાગઢ |

હાયર મેસેજ

## જાહેરાતના દર

વર્ષ : ૦૩
કુલ : ૭ અંક

| પેજની વિગત | વાર્ષિક રૂપિયા |
|---|---|
| કવર પેજ (ફોર કલર) નં. ૪ | ૧૫,૦૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૨ | ૧૨,૫૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૩ | ૧૨,૫૦૦ |
| સાદું પેજ | ૮,૦૦૦ |
| ફોર કલર અંદર | ૧૦,૦૦૦ |
| ફોર કલર બે પાન અંદર (વચ્ચે) | ૨૫,૦૦૦ |

## હાયર મેસેજનું અંગેનુ માર્ગદર્શન

- હાયર મેસેજનું લવાજમ એપ્રિલ-મે થી ફેબ્રુ.-માર્ચ સુધીનું ગણાશે.
- વર્ષ-૦૩ અંક-૦૧ એપ્રિલ-મે તા. ૧૫-૫-૨૦૧૫
  - અંક-૨ જૂન-જુલાઈ તા. ૧૫-૭-૨૦૧૫
  - અંક-૩ ઓગસ્ટ-સપ્ટે. તા. ૧૫-૯-૨૦૧૫
  - અંક-૪ ઓક્ટો.-નવે. તા. ૧૫-૧૧-૨૦૧૫
  - અંક-૫ ડીસે.-જાન્યુ. તા. ૧૫-૧-૨૦૧૬
  - અંક-૬ ફેબ્રુ.-માર્ચ તા. ૧૫-૩-૨૦૧૬
- હાયર મેસેજનું દર બે મહિને પ્રગટ થાય છે.
- હાયર મેસેજનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ છે.
- હાયર મેસેજમાં પ્રગટ થતાં લેખની જવાબદારી લેખકની રહેશે.
- વર્ષ : ૦૩ માટેના હાયર મેસેજના લવાજમો જે તે જિલ્લાના પ્રમુખશ્રીઓ દ્વારા મોકલવાના રહેશે.
- જિલ્લા ઘટક સંઘોએ હાયર મેસેજના સભ્યોની યાદી પૂરા નામ, સરનામા, પીનકોડ નંબર સાથે લવાજમની રકમ 'પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉ. મા. શિક્ષક સંઘ મહામંડળ' ના નામ જોગ ડ્રાફ્ટ/ચેક મુખ્ય સંપાદકને મોકલવો.
- **મની ઓર્ડર દ્વારા હાયર મેસેજનું લવાજમ મોકલનાર મિત્રોએ મનીઓર્ડર સ્લીપમાં પૂરું નામ અને સરનામું અવશ્ય લખવું. કેટલાક મનીઓર્ડર સ્લીપમાં નામ કે સરનામા લખેલ હોતા નથી, જેથી હાયર મેસેજ મોકલી શકાતું નથી.**
- *વ્યક્તિગત લવાજમ ભરનાર મિત્રોને વિનંતી કે તમારું લવાજમ મળે તે વખતે અગાઉ પ્રસિદ્ધ થયેલ હાયર મેસેજનો સ્ટોક હશે તો જ અગાઉના અંકો મોકલવામાં આવશે.*
- **ઘટક સંઘોના પ્રમુખશ્રીઓને વિનંતી કે તમારા જિલ્લાના હાયર મેસેજના પાર્સલ મેળવવાનું સરનામું બદલાય તો તરત જ જાણ કરવી. પાર્સલ મેળવવાનું સરનામું જિલ્લાના સ્થળે રાખવું, જેથી કુરિયર સેવા ઉપલબ્ધ બને.**
- *હાયર મેસેજ અંગે કોઈપણ ફરિયાદ અંગે* મુખ્ય સંપાદક જોડે પત્ર વ્યવહાર કરવો કે ટેલીફોન કરવો.

## ...સંપાદકીય...

*સંપાદકીય...*

*સારસ્વત મિત્રો..., જય સરસ્વતી...!!!*

- *હાયર મેસેજનો આ વર્ષ : ૦૩ નો અંક ૦૧ છે.*
- *એપ્રીલ-મે, ૨૦૧૫થી હાયર મેસેજનું ત્રીજુ વર્ષ શરૂ થશે.*
- *હાયર મેસેજના બીજા વર્ષના વ્યક્તિગત લવાજમો નીચેના સરનામે મોકલવા વિનંતી.*
- **જે અંકથી આપશ્રીને પ્રથમ અંક મળે ત્યારથી છ અંક આપને મળશે.**

મહામંત્રી : **વિનોદભાઈ જે. પટેલ**
બી-૨૬, હરીઓમનગર, કેડીલા બ્રીજ પાસે,
ઘોડાસર, અમદાવાદ-૫૦.
મો. : ૯૪૨૬૧-૮૬૬૯૨ ફોન : ૨૫૮૩૨૮૨૮

- **ઘટક સંઘોના પદાધિકારી મિત્રોને વિનંતી કે, તમારા જિલ્લામાંથી એપ્રિલ થી મે બે માસમાં જ વધારેમાં વધારે હાયર મેસેજના વ્યક્તિગત લવાજમો ભરાય તેવા પ્રયત્નો કરશો. મનીઓર્ડર ઉપરના સરનામે કરશો કે એક્ષીસ બેંકના ખાતા નંબર ૯૧ ૨૦૧૦૦૩૮૯૩૦૭૮૩ માં રૂા. ૧૦૦ જમા કરાવશો.**

*હાયર મેસેજ આપણા મહામંડળનું મુખપત્ર છે. તેનું જતન કરવાની આપણી જવાબદારી છે. ફરીથી.. આજ સુધી તમારા સૌનો મળેલ સહકાર બદલ સમગ્ર ઉ.મા. શિક્ષક મિત્રોનો આભાર.*

**આપનો, વિનોદભાઈ જે. પટેલ**
**મહામંત્રી, હાયર મેસેજ**

## મુંઝવણ અને માર્ગદર્શન

*આપની મુંઝવણ અને પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા નીચેના સરનામે પત્ર લખશો. આપના પ્રશ્નના જવાબ ત્યાર પછીના અંકમાં લેવાશે.*

**નીતીન ટી. પંડ્યા**
*૧૬, શીવ સંકલ્પ સોસાયટી, નારણપુરા પોસ્ટ ઓફીસ સામે, અમદાવાદ-૧૩.*
*મો. : ૯૮૨૫૩ ૧૭૩૦૭*

# .......પ્રમુખશ્રીનો પત્ર.....



પંકજભાઈ કે. પટેલ

શિક્ષક મિત્રો,

હાયર મેસેજ ના વર્ષ-૦૩ તા. ૧૫-૫-૨૦૧૫નો અંક ૦૧ સળંગ અંક ૧૩ છે. મિત્રો યુનીયન દ્વારા ઘણુબધુ પ્રાપ્ત થયેલ છે પરંતુ હાલ જે પ્રાપ્ત થયેલ છે તે ટકાવી રાખવા યુનીયનનો વધુમાં વધુ સમય જાય છે.

તા. ૨૭-૪-૧૫ના રોજ શિક્ષણ વિભાગ ની સુચનાથી કમિશ્નર શ્રીની કચેરી દ્વારા દરેક જિલ્લા શિક્ષણાધાકીરશ્રીને તા. ૧૬-૮-૨૦૦૨ના શિક્ષણ વિભાગના ઠરાવનો અમલ કરવા જણાવેલ છે અને તા. ૧૯-૨-૧૪ અને તા. ૨-૭-૧૪ થી મા. શિક્ષણમંત્રીશ્રીએ શિક્ષકને છુટા નકરવાની કાર્યવાહી ની સૂચના આપી હતી તે રદ કરીછે. પરિપત્રમાં જણાવેલ તમામ ઠરાવ રદ થયેલ ગણાય છે. હવે જોવાનું રહ્યું કે દરેક ડી.ઈ.ઓ. તેનો શું અર્થઘટન કરે છે.

હાલ. તા. ૩૦-૬-૯૮ પછી નીમાયેલ શિક્ષકોનું રક્ષણ રદ થયેલ છે. જેથી ૨૪૦૦૦ થી વધુ ૯૮ પછી નીમાયેલ શિક્ષકો, સેવક, વહીવટીય કર્મચારી, આચાર્યની નોકરીનું જોખમ ઉભુ થયેલ છે. તે જે શાળામાં સર્વીસ કરે છે તે આજીવન ચાલુ રહે તો, તેની શાળાનો વર્ગ આજીવન ન ઘટે તો તેની સર્વિસ ચાલુ રહે છે પરંતુ આવી પરિસ્થિતિ રાજ્યની બધી શાળા માટે શક્ય નથી.

હાલ જે ફાજલ શિક્ષકોને કામચલાઉ જે શાળા કે સંસ્થામાં ઓર્ડર કરેલ છે અને પોતાના હુકમમાં લખેલ છે કે સરકાર જે ભવિષ્યમાં નિર્ણય લે તે આપને લાગુ પડશે તેવા **રાજ્ય ના ૨૫૦ કરતાં વધુ શિક્ષકોને છુટા થવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે.**

હાલ દરેક જિલ્લા શિક્ષણાધીકારીશ્રી દ્વારા ૯૮ પછી નીમાયેલ અને ફાજલ થયેલ શિક્ષકોની યાદી બનાવવાની કાર્યવાહી શાળાઓ દ્વારા કરવા જણાવેલ છે. **લગભગ અમદાવાદ શહેરમાં ૪૫, અમદાવાદ ગ્રામ્ય ૪૦, સુરતમાં ૩૦, વડોદરામાં ૨૬, રાજકોટમાં ૩૦, જુનાગઢમાં ૧૨ શિક્ષકોના કામચલાઉ સમાવવાના હુકમો થયેલ છે તેના શિક્ષકોને છુટા થવાનો પ્રશ્ન ઉપસ્થિત થશે.**

મહામંડળ દ્વારા આ પ્રશ્નને તાકીદે હાથ પર લીધેલ છે. લીગલી પણ ઓપીનીયમ મેળવેલ છે. સાથે પાંચેય શૈક્ષણિક સંઘોને ભેગા કરી આ પ્રશ્નની રજૂઆત **મા. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસ્મા** અને **મા. મુખ્યમંત્રીશ્રીમતી આનંદીબેન પટેલ** સમક્ષ રજૂઆત કરેલ છે. મા. મુખ્યમંત્રીશ્રીને વિનંતીપત્ર અને મુલાકાત માંગતો પત્ર આપેલ છે. મુખ્યમંત્રીશ્રીએ ભુતકાળમાં ૧૬-૮-૨૦૦૨માં જ્યારે તેઓશ્રી શિક્ષણમંત્રી હતા **ત્યારે તા. ૩૦-૬-૯૮ સુધી નીમાયેલ શિક્ષકોને રક્ષણ આપ્યું હતું. જે તે સમયે જે પાંચેય પ્રમુખો હતા તેવો એ સ્વીકાર્યું હતું કે અમો તા. ૩૦-૬-૯૮ સુધી નીમાયેલ શિક્ષકોને રક્ષણ સ્વીકાર્ય છે. મા. બહેન શ્રી બે અનૌપચારીક મુલાકાતમાં અમો ને જણાવેલ છે કે ભાઈ જે તે સમયે તા. ૩૦-૬-૯૮ સુધીનું જ રક્ષણ સ્વીકારેલ છે તો હવે શા માટે આ માંગણી ? આટલી વાતચીતના મુખ્યમંત્રીશ્રી ના વ્યસ્થ કાર્યક્રમને લીધે થઈ શકી છે.**

અમો મા. મુખ્યમંત્રીશ્રીને વિનંતીપત્ર દ્વારા સમજાવેલ છે કે (પત્ર આ અંકમાં સામેલ છે.) આજે તા. ૩૦-૬-૯૮ પછી સત્તર કરતા વધુ વર્ષો થઈ ગયા ૨૪૦૦૦ કરતાં વધુ ભરતી થઈ, ધો-૮ પ્રાથમિક માં જતા સાત હજાર કરતાં વધુ શિક્ષકને અસર, ધો-૯ જે ગામમાં હાઈસ્કૂલ ન હોય તે ૫૦૦ ગામમાં ધો-૯ પ્રાથમિક માં આવ્યુ, ધો-૧૧ ના ૧૪૦૦ કરતા વધુ વર્ગો આપ્યા તેને કારણે, અને ૫૦ ને બદલે ૬૦ સંખ્યા કરવામાં આવી તેને કારણે શિક્ષકોને ફાજલ થવાનો કે

છુટા થવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. સરકારશ્રીની બદલાતી નીતિના ભોગ શિક્ષકોએ થવુ પડ્યુ છે માટે તેવો શ્રીને ઉદાર મન રાખી અત્યાર સુધી નીમાયેલ શિક્ષકોને રક્ષણ આપવા વિનંતી કરેલ છે. **આશા રાખીએ કે આંદોલન નહી પણ અરજપત્ર કે વિનંતીપત્ર દ્વારા મા. બહેનશ્રી શિક્ષકોની લાગણીને ગ્રાહ્ય રાખી હજારો કુટુંબીજનોને શાંતીની ઉંઘ અને સુખચેન આપે.**

તા. ૨૭-૪-૧૫ના છુટા થવાના પરિપત્ર આગઉ તા.૮-૪-૧૫ ના રોજ **ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની રચના** કરી કોમન અગીયાર માંગણીઓ નક્કી કરવામાં આવી જે આવેદનપત્ર આ અંક માં સામેલ છે. જે અંગે શિક્ષણમંત્રીશ્રીએ સંકલન સમિતિને મિટીંગ તા. ૨૯-૫-૧૫ના રોજ આપેલ છે. આશા રાખેલ છે કે સારૂ પરિણામ પ્રાપ્ત થાય.

બોર્ડની જાહેર પરીક્ષામાં આ વર્ષે ઘણાબધા પ્રશ્નો ઉપસ્થિત થયા. આ તમામ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ મહામંડળ દ્વારા જ શક્ય બન્યુ છે. સીનીયર જુનીયર ના પ્રશ્ન માં સ્વૈચ્છિક યાદી બનાવી, સવાર અથવા બપોરે પરીક્ષણમાં તમામ પરીક્ષકની સંમતિ અનુસાર પેપર ચકાસણી, ૧૦૦ કિ.મી. દૂર કેન્દ્રની રજૂઆતમાં જ્યાં નજીક ના કેન્દ્ર માં જવુ હોય તો તેના બોર્ડમાંથી ઓર્ડર કરાવેલ છે, વગેરે પ્રશ્ન ઉપરાંત જ્યાં નોન ગ્રાન્ટેબલ શાળામાંથી શિક્ષકોન આવ્યા હોય ત્યાંથી શિક્ષકોને ફરજીયાત હાજર કરાવેલ છે. આ અંગે અગાઉ રાજકોટ જીલ્લો અને આ વખતે વડોદરા જીલ્લા ના હોદ્દેદારોએ સક્રીય ભુમીકા ભજવી અસર કારક પરિણામ મેળવી શક્યા છીએ.

બોર્ડમાં નક્કી થયા અનુસાર હવે તમામ જિલ્લા કક્ષાએ તમામ વિષયના કેન્દ્ર અપાશે. નવુ સીનીયોરીટી લીસ્ટ તૈયાર કરાશે, આગામી પરીક્ષામાં ઘટાડેલ દર ફરી વધારી મહેનતાણું ચૂકવાશે, ઓપન શાળાના વિદ્યાર્થીની ઓક્ટોબરમાં પરીક્ષા લેવાશે (સરકારની મંજુરી મેળવી) બોર્ડની સામાન્ય સભામાં આપણા ત્રણેય સભ્યો **શ્રી જયંત ગડારા, શ્રી મહેશ પટેલ, શ્રી પ્રકાશચંદ્ર પટેલ** ઉપરોક્ત તમામ પ્રશ્નોની રજૂઆત કરેલ છે. જેનુ પરિણામ આગામી પરીક્ષા અગાઉ મળી જશે. આ અંગે ત્રણેય સભ્યોને ખાસ અભિનંદન.

ઘણા સંચાલક ૯-૨૦-૩૧ની ફાઈલકે પેન્શન પેપર્સની ફાઈલ મોકલતા નથી તે અંગેની રજુઆત આ અંકમાં સામેલ છે. મેટરનીટી, પેટરનીટીલીવ, તથા ફિક્સ પગાર વધારાવાના ઠરાવનો અમલ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થા માટે કરાતો નથી તે અંગે મહામંડળે કમિશ્નર કચેરી, શિક્ષણસચીવ, શિક્ષણમંત્રીને રજૂઆત કરેલી જેના ફળ સ્વરૂપે આ ફાઈલો નાણા વિભાગમાં મોકલી આપેલ છે જે પ્રશ્નની રજૂઆત અને કમિશ્નરની દરખાસ્ત આ અંક માં સામેલ છે. ફિક્સ પગાર વધારાની મંજુરી તા. ૨૦-૧૦-૧૪ થી મળી ગઈ છે જેનો ઠરાવ આ અંકમાં સામેલ છે.

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ વર્ષના અંતે ૫૦ ગુણ ઓએમઆર અને ૫૦ ગુણ થિયરી પરીક્ષા અને ધો-૧૨ ના અંતે ૫૦ ગુણ થિયરી અને ૫૦ ગુણ ઓએમઆર.પરીક્ષા લેવા અંગે બોર્ડમાં રજૂઆત કરેલ છે તે આ અંકમાં સામેલ છે. CCC ૫૦ વર્ષે મુક્તીનું નોટીફીકેશન બહાર પડેલ છે જે આ અંકમાં સામેલ છે.

ઉચ્ચતર મહામંડળનું આવેદનપત્ર સરકાશ્રીને આપેલ છે. જેના ફળસ્વરૂપ આપણા મહામંડળના તા. ૨૯-૦૫-૧૫ના રોજ અલગ થી મિટીંગ શિક્ષણમંત્રીશ્રીએ આપી હતી પરંતુ સંકલન સમિતિની મિટીંગ મળી છે અને સંકલન સમિતિની કાર્યવાહી ચાલુ છે ત્યાં સુધી અન્ય સંઘોએ મીટીંગ ન કરવી તેવુ નક્કી થયેલ છે માટે આપણી આ મિટીંગ રદ થયેલ છે. **એન્ટ્રી લેવલ પેસ્કેલ** અંગે પણ અલગ રજૂઆત કરી છે તે પ્રશ્ન નાણા મંત્રી કક્ષાએ એક મીટીંગ થયેલ છે. હાલ બધા પ્રશ્નો કરતા મહત્ત્વનો પ્રશ્ન રક્ષણનો છે તે પૂર્ણ કરવા અમારી તમામ શક્તિ કામે લગાડેલ છે આપ સૌ સંકલન સમિતિના આદેશ અનુસાર જ કાર્ય કરશો ખોટી અફવા કે વાતોથી ભરમાશો નહી.

હાયર મેસેજ નું સંપાદક મડળ નવુ બનેલ છે. ઝોનવાર કન્વીનર નક્કી કરેલ છે. તમારી હાયર મેસેજની ફરીયાદ તે ઝોન કન્વીનરશ્રીને કરવી હાયર મેસેજના ૨૫૦૦ કરતાં વધુ સભ્યો બનાવવાના છે તે અંગે આપ સૌ મદદ રૂપ થાવ તેવી વિનંતી.

**પંકજભાઈ કે. પટેલ**
**પ્રમુખ ગુ. રા. ઉ.મહામંડળ**

**બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની જગા પર ફીક્સ પગારમાં સીધી ભરતીથી નિમાતા કર્મચારીઓને ફીક્સ પગાર ચૂકવવા બાબત.**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક : બમશ / ૧૧૧૫ / ૨૨ / ગ**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ : ૧૮-૫-૨૦૧૫**

વંચાણમાં લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો પત્રક્રમાંક : બમશ /૧૩૨૦૧૧/૭૧૮૪૯૨/ગ, તારીખ : ૧૮-૧૧-૨૦૧૧

(૨) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧ તારીખ ૨૦-૧૦-૨૦૧૪

(૩) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો પત્ર ક્રમાંક : અનદ૧/ ઘ / ૨૦૧૫ / ૩૯૯, તારીખ ૠ ૩-૧-૨૦૧૫

આમુખ

રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂંકોનો ફીક્સ પગારના દરમાં સુધરો નાણાં વિભાગના તારીખ ૬-૧૦-૨૦૧૧ના ઠરાવથી કરવામાં આવતા તે મુજબ બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કામ કરતા શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકના પગારના દરો શિક્ષણ વિભાગના સંદર્ભ(૧)માં દર્શાવેલ તારીખ ૧૮-૧૧-૨૦૧૧ના પત્રથી સુધારવામાં આવેલ.

ત્યારબાદ નાણા વિભાગે રાજયસરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના ફીક્સ પગારથી નિમણૂંક પામતા કર્મચારીઓના ફીક્સ પગારમાં તારીખ ૨૦-૧૦-૨૦૧૪ના સંદર્ભ(૨) માં દર્શાવેલ ઠરાવથી સુધારો કરતા આ ઠરાવ પ્રમામે બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કામ કરતા શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકના ફીક્સ પગારમાં સુધારો કરવા કમિશ્નરશ્રી, શાળાઓએ મોકલેલ સંદર્ભ (૩) મુજબની દરખાસ્ત રાજ્ય સરકારની વિચારણામાં હતી.

રાજ્ય સરાકરે કાળજીપૂર્વકની વિચારણાના અંતે બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કામ કરતા શિક્ષણ સહાયક વહીવટી સહાયક અને સાથઈ સહાયકના સંદર્ભ(૧) ઉપરના પત્રથી માસિક ફીક્સ પગારના નક્કી કરેલા દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબનો વધારો કરવાનો નિર્ણય કરેલ છે.

| **ક્રમ** | **હાલનો ફીક્સ પગાર, શિક્ષણ વિભાગના તારીખ ૧૮-૧૧-૨૦૧૧ના પત્રમ મુજબ (રૂા.)** | **નાણાં વિભાગના તારીખ ૨૦-૧૦-૨૦૧૪ના ઠરાવ મુજબ સુધારેલ ફીક્સ પગાર (રૂા.)** |
|---|---|---|
| ૧ | રૂા. ૧૫૦૦/- | રૂા. ૭૧૦૦/- |
| ૨ | રૂા.૫૩૦૦/- | રૂા. ૭૮૦૦/- |
| ૩ | રૂા. ૯૪૦૦/- | રૂા. ૧૩૫૦૦/- |
| ૪ | રૂા. ૧૦૦૦૦/- | રૂા. ૧૩૭૦૦/- |

આ સુધારેલ ફીક્સ પગારનો અમલ તારીખ ૧-૧૦-૨૦૧૪ થી કરવાનો રહે છે. ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ. એમ. મિસ્ત્રી)
સંયુક્ત સચિવ, શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

## CCC 50 વર્ષે મુક્તીનું નોટીફીકેશન

NOTIFICATION
General Administration Department
Sachivalaya, Gandhinagar
Dated the 22nd May, 2015

Constrution of India : No. GS/2015/5.3/KTP/102005/1519/Part-1/k in exercise of the powers conffered by the proviso to article 309 of the constitution of India, the Governor of Gujarat hereby makes the following rules further to amend the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules 2006 namely.

1. These rules may be called the Gujarat at Civil Services Computer Competency training and examination (Amentment) Rules 2015
2. In the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules 2006 in rule 9 in the second proviso to sub rules 21 for the figures and word 55 years accuring at two places, the figures and word 50 years shall be substituted

By order and in name of the Governor of Gujarat
Devi Pandya
Deputy Secretary to Government

## મહેસાણા જિલ્લા ઉ.મા. શિક્ષક સંઘનો શૈક્ષણિક સેમીનાર



મહેસાણા જિલ્લા ઉ.મા. શિક્ષક સંઘનો શૈક્ષણિક સેમીનાર તા. ૨૬-૪-૧૫ના રોજ વીસનગર નૂતન હાઈસ્કૂલ ખાતે યોજાયો તેમાં ત્રણસોથી વધુ પ્રતીનિધીએ હાજરી આપી હતી. ઉદ્‌ઘાટક તરીકે શ્રી આર. આઈ.પટેલ સચીવશ્રી ગુ.મા. અને ઉ.મા. બોર્ડ હાજરી આપી હતી. અધ્યક્ષ તરીકે નૂતન હાઈસ્કૂલ કેળવણી મંડળના ઉપપ્રમુખ વિષ્ણુભાઈ પટેલ તથા મહામંડળના પ્રમુખશ્રી પંકજભાઈ પટેલ, બોર્ડ મેમ્બરશ્રી મહેશભાઈ પટેલ, રેવાભાઈ ચૌધરી, બનાસકાંઠા જિલ્લાના પ્રમુખશ્રી વિપુલભાઈ જોષી, મંત્રીશ્રી આર. જી. પટેલ, અમદાવાદ ગ્રામ્ય પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી શ્રી વિનોદભાઈ પટેલ અમદાવાદ શહેર મંત્રીશ્રી રાજુ ઉપાધ્યાય, હાજરી આપી હતી. બોર્ડ સચીવ શ્રી એ ગ્રાન્ટેડ શાળામાં ફરજ પાલન અને મુલ્યનીષ્ઠ શિક્ષણ કાર્ય કરી ગ્રાન્ટ શાળા બચાવવા પ્રયત્ન કરવો રીઝલ્ટ સુધારવા અંગે માર્ગદર્શન આપ્યુ હતું. પૂર્વ ઉપપ્રમુખ મહામંડળ શ્રી વિજય પટેલ દ્વારા ફાજલ ના રક્ષણ નો મુખ્ય પ્રશ્ન હલ કરવા જણાવ્યું હતું મહામંડળના પ્રમુખશ્રીએ મહામંડળના પ્રયત્નોનું એન્ટ્રીલેવલ પે સ્કેલ અંગે માહિતી આપી હતી.

| નરસંગભાઈ એન. ચૌધરી | દિનેશ આર. પટેલ | ભરતભાઈ એ. પટેલ |
|---|---|---|
| મંત્રી | પ્રમુખ | પ્રાદેશીક મંત્રી |
| જિલ્લા ઉ.મા. સંઘ | | ગુ.રા. ઉ.મહામંડળ |

## તા. ૩૦-૬-૯૮ પછી નીમાયેલ શિક્ષકોનું રક્ષણ રદ કરતો ગોજારો પરીપત્ર

ક્રમાંક : અનદ / ઘ / ફાજલ / ૨૦૧૫/૬૯૨૩/૫૮
કમિશ્નર, શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ. રા. ગાંધીનગર

શિક્ષણાધિકારીશ્રી, તા. ૨૭-૪-૨૦૧૫

વિષય : બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકોને રક્ષણ આપવા બાબત.

સંદર્ભ :
(૧) શિ.વિ.ના ઠરાવ ક્રઃ ઉમશ / ૧૨૯૩/ ૨૫૩૩ / ગ. તા. ૨૧-૫-૧૯૯૪
(૨) શિ.વિ. ના ઠરાવ ક્રઃ ઉમશ / ૧૧૯૮ / ઈએમ / ૫૩ / ગ, ૧, તા. ૧૬-૮-૨૦૦૨
(૩) શિ.વિ. ના ઠરાવ ક્રઃ ઉમશ / ૧૧૦૬ / ૨૧૩૮ / ગ.૧, તા. ૩૧-૧૨-૨૦૦૯
(૪) શિ.વિ. ના ઠરાવ ક્રઃ ઉમશ / ૧૩૧૦ / ૧૨૦૧ / ગ, તા. ૨૨-૧૧-૨૦૧૦
(૫) શિ.વિ. ના ઠરાવ ક્રઃ ઉમશ / ૧૩૧૦ / ૧૨૦૧ / ગ તા. ૨૫-૨-૨૦૧૧
(૬) શિ.વિ. ના ઠરાવ ક્રઃ ઉમશ / ૧૧૦૬ / ૨૧૩૮ / ગ, ૧ તા. ૮-૩-૨૦૧૧
(૭) શિ.વિ. ના ઠરાવ ક્રઃ ઉમશ / ૧૩૧૦ / ૧૨૦૧ / ગ, તા. ૪-૫-૨૦૧૨
(૮) શિ.વિ. ના ઠરાવ ક્રઃ ઉમશ / ૧૩૧૦ / ૧૨૦૧ / ગ, તા. ૩૦-૫-૨૦૧૨
(૯) શિ.વિ. ના ઠરાવ ક્રઃ ઉમશ / ૧૩૧૦ / ૧૨૦૧ / ગ, તા. ૧૯-૨-૨૦૧૪
(૧૦) શિ.વિ. ના ઠરાવ ક્રઃ બમશ / ૧૩૧૦ / ૧૨૦૧ / ગ, તા. ૨-૭-૨૦૧૪
(૧૧) શિ.વિ.ના પત્રક ક્રમાંક : બમશ / ૧૦૧૦ / ૧૨૦૧ / ગ, તા. ૨૩-૨-૨૦૧૫

ઉપરોક્ત વિ,યના સંદર્ભ-૧૧માં ઉલ્લેખિત પત્ર અનુસંધાને જણાવવાનું કે સદર પત્રાથી કરાયેલ નિર્ણય મુજબ .....બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા. ૩૦-૬-૧૯૯૮ પછી નિમણૂંક પામેલા શિક્ષકોના કિસ્સામાં શિક્ષણ વિભાગના તા. ૧૯-૨-૨૦૧૪ અને તા. ૨-૭-૨૦૧૪ના પત્રોથી સને ૧૯૯૮ બાદ થયેલ શિક્ષકોને રક્ષણ આપવાની બાબતની મૂળ ફાઈલ સરકારશ્રીમાં વિચારણા હેઠળ હોવાથી નિર્ણય લેવાય આવા શિક્ષકોને ફાજલ નહી કરવાની સૂચનાઓ આપવામાં આવેલ તે રદ કરવામાં આવે છે અને સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સંદર્ભ-૨ ના તા. ૧૬-૮-૨૦૦૨ના ઠરાવમાં ફેરફાર કરવાનો નથી. આ સૂચનાઓનો રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(ઈ.પી.દેસાઈ)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ

શિક્ષકમિત્રો,

બોર્ડ દ્વાર આપણા ત્રણેય સભ્યોના પ્રયત્નથી સીનીયોરીટી ક્રમ બનાવવા ચાર સભ્યોની કમિટી બનાવી છે જેમાં જયંત ગડારા (ઉચ્ચતર) મહેશ પટેલ (ઉચ્ચતર) જયપ્રકાશ પટેલ (વાલી મંડળ) રેવાભાઈ ચૌધરી (માધ્યમિક) નો સમાવેશ કરેલ છે. આ સભ્યો જે ભલામણ કરશે તે મુજબ ગુણાંકન સ્કીમ બનશે અને તે અનુસાર સીનીયોરીટી લીસ્ટ બનશે.

**જયંત ગડારા** **પ્રકાશચંદ્ર પટેલ** **મહેશભાઈ પટેલ**

**સભ્યશ્રી ગુ.મા. અને ઉ.મા.બોર્ડ**

# બોર્ડ માં કરેલ દરખાસ્ત

પ્રતિશ્રી,
અધ્યક્ષશ્રી
ગુ. રા. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

વિષય : તા. ૪-૫-૨૦૧૫ની મળનારી સામાન્ય સભામાં દરખાસ્તો અને પ્રશ્નો રજૂ કરવા બાબત.

મહેરબાન સાહેબશ્રી

જય ભારત સાથે જણાવવાનું કે હું મહેશકુમાર એ. પટેલ બોર્ડ સદસ્ય તા. ૪-૫-૨૦૧૫ના રોજ મળનારી સામાન્ય સભામાં નીચે મુજબની દરખાસ્તો અને પ્રશ્ન રજૂ કરવા માંગુ છું. જે આપને વિદિત થાય.

**૧. દરખાસ્ત/પ્રસ્તાવ :** સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં પરીક્ષકો મોડેરેટરો / કો-ઓર્ડીનેટર ની મૂલ્યાંકન ની કામગીરીના નિમણુંક નંબર ના ગુણાંકન યોજનામાં દરખાસ્ત / પ્રસ્તાવ રજૂ કરું છુ. ગુણાંકન યોજના રજૂઆત સામે મુજબ કરેલ છે.

**૧ રજૂઆતો :** અગાઉના ઠરાવ મુજબ ગુણાંકન યોજનાના કારણે સિનીયર શિક્ષકોને અન્યાય કર્તા બને છે તેથી આ ઠરાવમાં નીચે મુજબમાં ફેરફાર કરવા બાબત રજૂઆત કરું છું.

| ક્રમ | અનુભવ/લાયકાત | ગુણ |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક અનુભવ ૩૫ વર્ષ સુધી વર્ષ દીઠ ૨ ગુણ | ૭૦ |
| ૨ | સ્નાતક | ૦૫ |
| ૩ | અનુસ્નાતક | ૧૦ |
| ૪ | વ્ય લાયકાત/B.Ed. | ૧૦ |
| ૫ | એમફીલ પી. એચ.ડી. એમ.એડ.કે અન્ય માસ્ટર ડીગ્રી | ૦૫ |
| | | **કુલ ૧૦૦** |

**૨. દરખાસ્ત/પ્રસ્તાવ :** વિષયવાર તમામ વિષયોમાં મૂલ્યાંકનકાર/
જિલ્લાના મોડરેટર/સંયોજક ની નિમણુંક નંબરની યાદી જિલ્લાને બદલે સમગ્ર રાજયને આધારે ગુણાંકન યોજના મુજબ નિમણુંક નંબરની યાદી તૈયાર કરવાની દરખાસ્ત કરું છું.

**૨ રજૂઆતો :** ચાલુ વર્ષે મૂલ્યાંકન કામગીરી દરમ્યાન બે-ત્રણ શિક્ષકો સાથે એક જ મૂલ્યાંકન કેન્દ્ર ઉપર બોલાવેલ જેમાં સંયોજક/મોડરેટર/મૂલ્યાંકનકારની નિમણૂંક બાબતમાં વિવાદ અને વિસંગતા ઉભી થયેલ જેથી વિષયવાર તમામ શિક્ષકોની નિમણુંક નંબરની યાદી જિલ્લાવાર બનાવવાને બદલે વિષયવાર રાજયની સળંગ યાદી બનાવવી જેથી એક સાથે બે-ત્રણ જિલ્લા એક સાથે મૂલ્યાંકન કેન્દ્ર પર બોલાવવામાં આવે તો વિસંગતતા ઉભી ન થાય.

ઘણી વખત ઓછું ગુણાંકન ધરાવનાર મૂલ્યાંકનકારને બદલે સંયોજક બને છે યાદીઓ જૂના નિમણુંક નંબર મુજબ રજૂ કરવામાં આવે છે આ પ્રકારની અનિયમિતતા દૂર કરવા પગારબીલની કોપીના આધારે તમામ શિક્ષકો પાસે ગુણાંકન ફોર્મ ભરાવી આચાર્ય પાસેથી સર્વિસ બુકની ઝેરોક્ષની ખરાઈ શાળાની યાદીઓ જૂન માસમાં તૈયાર કરાવવી જ્યારે નોન-ગ્રાન્ટે શાળાના શિક્ષકોની ગુણાંકન યાદી જૂન માસમાં તૈયાર કરાવી જે ડી.ઈ.ઓ. કચેરી તરફથી માન્યતા મેળવવી તથા વિદ્યાર્થી દોઢી સંખ્યાના આધારે મૂલ્યાંકન કામગીરીમાં ફરજિયાત ગુણાંકનના આધારે સોંપવી.

**૩. દરખાસ્ત/પ્રસ્તાવ :** તમામ શિક્ષકોનું બોર્ડમાં રજીસ્ટ્રેશન થાય. તે માટે ગ્રાન્ટેડ શાળાના તમામ શિક્ષકોનું રજિસ્ટ્રેશન ડી.ઈ.ઓ.ના પગાર બીલને આધારે શાળાઓ ફરજિયાત કરે તથા નોનગ્રાન્ટેડ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે શિક્ષકોનું રજિસ્ટ્રેશન ડી.ઈ.ઓ. કચેરી દ્વારા પ્રમાણિત કરી કરાવવાની દરખાસ્ત કરું છું.

**૩ રજૂઆતો :** તમામ વિષયોમાં મૂલ્યાંકન કારો પૂરતા પ્રમાણમાં આવતા ન હોવાથી મૂલ્યાંકનકારોનું પ્રમાણ વધારવા માટે જે શાળાઓ ગ્રાન્ટેડ છે તેમણે ડી.ઈ.ઓના પગાર બીલને આધારે ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવું અને નોન-ગ્રાન્ટેડ શાળાએ વિદ્યાર્થીઓની સંખ્યાદીઠ શિક્ષકોના રજિસ્ટ્રેશન કરાવવા જેથી ઝડપથી મૂલ્યાકંન કામગીરી સારી અને ન્યાયપૂર્ણ રીતે પૂર્ણ થાય પરિણામો સમયસર આપી શકાય.

# સીનીયર જુનીયર ની વિસંગતતા દૂર કરવા રજુઆત

પ્રતિ,
મા. ચેરમેનશ્રી આર આર. વરસાણી સાહેબ
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

વિષય : પેપર ચકાસણી કાર્યમાં સિનીયર જુનીયરની વિસંગતતા દુર કરવા બાબત.

મા. સાહેબશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહ ની પેપર ચકાસણીનું કાર્ય સમગ્ર રાજ્યમાં શરૂ થયેલ છે. જ્યાં નીચેની વિસંગતતા સીનીયર-જુનીયર ચકાસણી કાર વચ્ચે ઉભી થયેલ છે તે તાકીદે બે દિવસમાં હલ કરવા વિનંતી જેથી ચકાસણી કાર્ય ને અસર ન થાય.

- વિજ્ઞાન પ્રવાહમાં દરેક જિલ્લાવાર સીનીયોરીટી બનાવેલ છે જેને કારણે નાના જિલ્લાના પાંચ શિક્ષકે એક મોડરેટર હોય અને મોટા જિલ્લામાં પંચાવન શિક્ષકે બે મોડરેટર મુક્યા છે જેને કારણે ૨૫ વર્ષ જુના શિક્ષક નિરીક્ષક માં અને સહાયક કે ઓછા અનુભવી મોડરેટર કે કો-ઓર્ડીનેટરમાં મુકાયા છે.
- સામાન્ય પ્રવાહમાં પણ સીનીયર કરતાં જુનીયર ના ક્રમ આગળ ગયેલ છે નવી ગુણાંકન યોજનાનો અમલ કર્યો નથી પરીક્ષા સમિતિમાં ઉચ્ચતર શિક્ષકનો કોઈ પ્રતીનીધી ન હોવાથી આ પરિસ્થિતિ નિર્માણ થયેલ છે. મહામંડળની પૂર્ણ રજૂઆત નો અમલ કર્યો હોય તો આ પરિસ્થિતિ નિર્માણ ન થાત.

અમારી આપ સાહેબને વિનંતી કે જ્યાં વિસંગતતા છે ત્યાં તાકીદે પ્રશ્નનો ઉકેલ લાવવા વિનંતી

**પંકજભાઈ કે. પટેલ, પ્રમુખ ગુ.રા.ઉ.મહામંડળ**

●●●

# ઘણા સંચાલકશ્રી દ્વારા ૯-૨૦-૩૧ કે પેન્શનપેપર્સ મોકલતા નથી અને મોટી રકમની માંગણી કરાય છે તે અંગે રજૂઆત

પ્રતિ,
શિક્ષણમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય,

વિષય : ગ્રાન્ટ ઈન શાળાના કર્મચારીને મળતા લાભની દરખાસ્ત સંચાલક દ્વારા ન મોકલતા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ને સત્તા આપવા બાબત...

મા. સાહેબશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે ગ્રાન્ટ ઈન શાળાના કર્મચારીઓને મળતા લાભ જેવા કે પાંચ વર્ષે નોકરી નિયમિત કરવી, ૯-૨૦-૩૧ ના ઉચ્ચ પગાર ધોરણ અંગે, પેન્શન પેપર્સ મોકલવા

અંગે, ઘણા સંચાલકશ્રી દ્વારા માતબર રકમો મંગાય છે કે સંચાલકશ્રી દ્વારા સાધનિક પત્રો સાથે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને નિયત સમય મર્યાદામાં પેપર્સ મોકલતા નથી જેને કારણે કર્મચારીને નુકશાન થાય છે.

અમારી આપ સાહેબને વિનંતી છે કે જે કોઈ સંચાલક દ્વારા આચાર્યશ્રી, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, વહીવટી કર્મચારીના ઉપરોક્ત લાભની બાબતના પત્રો ન મોકલાય તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા ત્રણ વખત નોટીસ મોકલવી છતાં જો પત્ર ન મોકલાય તો તેવા કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને લાભ મંજુર કરવાની સત્તા આપવી.

- તારીખ ૨૧-૧૨-૧૯૭૧ ના ઠરાવ થી નાણા વિભાગે પેન્શન મંજુર કરવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપેલ છે.
- પેન્શન નિયમ ૯-૬૦ મા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સત્તા આપેલ છે (અગાઉ)
- ગુ.મા. અને ઉ.મા. બોર્ડ શિક્ષણ વિનિમય ૧૯૭૪ ની વ્યાખ્યામાં બોર્ડ સક્ષમ અધિકારી તરીકે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને નક્કી કરેલ છે.
- ૩૬-૧ ની કાર્યવાહી કરવાની ઓથોરીટી પણ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને છે.

અગાઉ ૨૦૦૨ પહેલા પેન્શનમાંપેપર્સ ના મોકલાય તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સત્તા આપવામાં આવી હતી. ૨૦૦૨ પછી સુધારેલ નિયમમાં નિમણુંક ઓથોરીટીને (સંચાલકને) આ સત્તા આપેલ છે. જેથી કર્મચારીને નુકશાન થાય છે. જે નુકશાન નિવારણ અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સત્તા આપવા વિનંતી તે અંગે ૯(૬૦) કોલમ ૪ માં કચેરીવડા શબ્દ પ્રયોગ થવો જોઈએ તો નુકશાન અટકાવી શકાય.

**પંકજભાઈ કે. પટેલ, પ્રમુખ ગુ.રા.ઉ.મહામંડળ**

• • •

## મેટરનીટી, પેટરનીટી, ફિક્સ પગારના ઠરાવ અમલ બાબત

પ્રતિ,
સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી,
૧૦+૨ ખાસ ઘટક,
ગાંધીનગર

વિષય : નીચેના નાણા વિભાગના ઠરાવનો ગ્રાન્ટ ઈન એઈડ શાળાના શિક્ષકો માટે અમલ કરવા બાબત.

મા. સાહેબશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે નાણાં વિભાગ દ્વારા નીચેના ઠરાવો બહાર પાડેલ છે તે ઠરાવો નો ગ્રાન્ટ ઈન એઈડ શાળાના માધ્યમિક તેમજ ઉચ્ચતર મધ્યમિક શિક્ષકો, વહીવટીય કર્મચારીઓ, આચાર્યશ્રીને લાગુ પાડવા વિનંતી

(૧) તા. ૧૩-૧૧-૨૦૧૪ના રોજ નાણાં વિભાગ દ્વારા મેટરનીટી લીવ ૧૩૫ દિવસના બદલે ૧૮૦ દિવસની આપવા બાબત.

(૨) તા. ૮-૩-૯૯ નારોજ શિક્ષણ વિભાગ દ્વારા પેટરનીટી લીવ પંદર દિવસની આપવા બાબતનો અમલ કરવા બાબત.

(૩) તા. ૨૦-૧૦-૨૦૧૪ના રોજ નાણાં વિભાગ દ્વારા ફિક્સ પગાર માં વધારો કરેલ છે તેનો અમલ કરવા બાબત.

ઉપરોક્ત બાબત ના ઠરાવોનો અમલ આપના તાબા હેઠળની રાજ્યની માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટઈન એઈડ શાળામાં થાય તેની ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

**- પંકજભાઈ કે. પટેલ, પ્રમુખ ગુ.રા.ઉ.મહામંડળ**

●●●

## મેટરનીટી લીવ ની કમિશ્નર કચેરીની દરખાસ્ત

ક્રમાંક : ઘ /માધ્ય/વ.૨/૨૦૧૪-૧૫/૪૯૫૮
કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર
તા. ૧૯-૭-૨૦૧૫

પ્રતિ,
સેક્શન અધિકારીશ્રી,
શિક્ષણ વિભાગ, ગ.શાખા
સચિવાલય, ગાંધીનગર

વિષય : મેટરનીટી/પેટરનીટી લીવ અંગે.

સંદર્ભ : ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની તા. ૧૧-૩-૨૦૧૫ની રજૂઆત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અનં સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની તા. ૧૧-૩-૨૦૧૫ની રજૂઆત આ કચેરીને મળેલ છે. નકલ સામેલ રાખેલ છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ નાણાં વિભાગના ઠરાવ તા. ૧૩-૧૧-૨૦૧૪ અન્વયે મેટરનીટી લીવ ૧૩૫ દિવસના બદલે ૧૮૦ દિવસની આપવા અંગે તેમજ તા. ૮-૩-૯૯ના શિક્ષણ વિભાગ દ્વાર પેટરનીટી લીવ ૧૫ દિવસની આપવા બાબતો અમલ કરવા અંગે છે. આ ઠરાવોનો લાભ રાજ્યની માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટ ઈન એઈડ શાળામાં થાય તેવી ઘટતી કાર્યવાહી કરવા જરૂરી આદેશો થવા વિનંતી કરેલ છે.

આમ, ઉપરોક્ત બાબતોનો નિયમાનુસાર અમલ થવા સબબ જરૂરી આદેશો થઈ આવવા વિનંતી છે.

**- ઈ. પી. દેસાઈ, સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી**

## સંકલન સમિતિનું આવેદન પત્ર

પ્રતિ,
મા. શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય

વિષય : રાજ્યના શૈક્ષણિક સઘ સંકલન સમિતિના નીચેના પ્રશ્નોની રજૂઆત માટે રૂબરૂ મૂલાકાત આપવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની એક બેઠક તા. ૮-૪-૨૦૧૫ના રોજ ગાંધીનગર મુકામે મળેલી. જેમાં સંકલન સમિતિના સભ્યો દ્વારા રજૂ થયેલા પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા આપ સાહેબ સમક્ષ આ પ્રશ્નો રજૂ કરીએ છીએ.

(૧) ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં CCC પરીક્ષાની જોગવાઈ વિસંગતતા અંગે.

સા.વ. વિભાગના તા. ૨૨-૭-૧૩ ના ઠરાવવામાં જણાવ્યા મુજબ તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં પરીક્ષા પાસ કરવી ત્યારબાદ પરીક્ષા પાસ કરનારને પાસ કર્યા તારીખથી અમલ કરવો. પરંતુ છેલ્લા ઘણા સમયથી CCC પરીક્ષા લેવાયેલ ન હોવાથી જે કર્મચારીઓને ઉ.પ.ધો. યોજનાનો લાભ મળવાપાત્ર હોવા છતાં પરીક્ષા સમયસર ના લેવાવાના કારણે પરીક્ષા આપી શકેલ ન હોવાના કારણે પરીક્ષા પાસ કર્યા તારીખથી ઉ.પ.ધો. આપવાનો નિર્ણય અન્યાયકર્તા છે. તો ઉ.પ.ધો. CCC પાસ કર્યા તારીખથી આપવાને બદલે મળવાપાત્ર તારીખથી ૯-૨૦-૩૧ પૂર્ણ થાય તે તારીખે મળે તે માટે યોગ્ય થવા નમ્ર વિનંતી.

(૨) એન્ટ્રી લેવલ પે સ્કેલ માટે નાણા વિભાગના તા. ૧૪-૯-૨૦૧૧ના ઠરાવનો ગ્રાન્ટ ઈન એઈડ શાળાના કર્મચારીઓ માટે અમલ કરવા અંગે.

તા. ૧૪-૯-૨૦૧૧ના રોજ એન્ટ્રી લેવલ પે સ્કેલના નાણા વિભાગના ઠરાવથી અનુસૂચી-ખ-એનેક્ષર-B મા તે મુજબ સુધારો કરાયો. તા. ૨૫-૧-૨૦૧૧ ના રોજ નાણા વિભાગ દ્વારા ગ્રેડ પેનો લાભ સરકારી કર્મચારીની જેમ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના કર્મચારી માટે અલગ ઠરાવથી આપ્યો તેમ તા. ૧૪-૯-૨૦૧૧ના એન્ટ્રી લેવલ પે સ્કેલનો લાભ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના શિક્ષકો આચાર્યો અને કર્મચારીઓને અલગ ઠરાવથી આપવા ઘટતી કાર્યવાહી કરવા અંગે.

(૩) તા. ૩૦-૬-૧૯૯૮ પછી નિમાયેલા ગ્રાન્ટેડ શાળાઓના કર્મચારીઓને બિનશરતી રક્ષણ આપવા અંગે.

(૪) પાંચમાં અને છઠ્ઠા પગારપંચમાં ટ્રાન્સપોર્ટ એલાઉન્સનો અમલ સરકારી કર્મચારીઓની જેમ ગ્રાન્ટ ઈન એઈડ શાળાના કર્મચારીઓ માટે કરવો.

(૫) બે માસમાં ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના તમામ કર્મચારીઓની ભરતી ૧૦૦% પૂર્ણ કરવા અંગે.

(૬) ધોરણ ૯ થી ૧૨ મા વર્ગ માન્ય ગણવા શહેર વિસ્તારમાં ૩૫ અને ગ્રામ્ય વિસ્તામાં ૨૩ વિદ્યાર્થીઓની સરાસરી જળવાય તો વર્ગ ચાલુ રાખવો અને એક એક વર્ગની શાળાઓમાં સરાસરીમાં છુટછાટ આપવા અંગે.

(૭) શિક્ષણ વિભાગના તા. ૬-૭-૨૦૧૩ના પરિણામ આધારિત ગ્રાન્ટ નીતિના બદલે મોંઘવારીના પ્રમાણમાં ગ્રાન્ટ અને ફી વધારવા અંગે.

(૮) શૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર ઉ.પ.ધો. તેમના વિષયના પરિણામને બદલે બાકીના ક્રમચારીઓની જેમ જ વર્ષને ધ્યાનમાં રાખી ઉ.પગાર ધોરણ મંજુર કરવા અંગે.

(૯) નાણા વિભાગના ઠરાવથી સરકારી કર્મચારીઓને મળતા તમામ લાભો ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના કર્મચારીઓને લાગુ પાડવા અંગે.

સરકારી કર્મચારીઓને જે લાભો મળે છે તે લાભ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના શિક્ષકો અને કર્મચારીઓને મળે છે. (મેડીકલ એલાઉન્સ, મેટરનીટી લીવ, પેટરનીટી લીવ, ફિક્સ પગાર વધારો, એલ.ટી.સી., લીવ એન્કેશમેન્ટ, ડી.એ.) તેમાં જે કોઈ વધારો થાય તે જ નાણા વિભાગના ઠરાવમાં ગ્રાન્ટ ઈન એઈડ સસ્થાઓને પણ આ લાભ આપવો તેવો ઉલ્લેખ કરવા બાબત

(૧૦) ધો-૯ અને ૧૦ ની એક એક વર્ગની શાળામાં આચાર્ય સાથે ત્રણ શિક્ષક એમ મળી કુલ ચારનો રેસીયો રાખવા માટે શિક્ષણ વિભાગના તા. ૪-૫-૨૦૧૨ના પરિપત્ર ને કાયમી ધોરણે લાગુ પાડવા અંગે

(૧૧) તા. ૧-૮-૧૧ના બિન શૈક્ષણિક કમચારીઓનાં સંખ્યાબળ (મહેકમ) માં સુધારો કરવા.

ઉપરોક્ત પ્રશ્નો ઘણા લાંબા સમયથી પડતર હોઈ શૈક્ષણિક અને વહીવટી બાબત ઉપર અસર થતી હોઈ સત્વરે રૂબરૂ મુલાકાત આપી પ્રશ્નોનો ઉકેલ લાવવા નમ્ર અરજ છે.

**પ્રવિણસિંહ સોલંકી - અંબુભાઈ પટેલ - પંકજભાઈ પટેલ - રમેશભાઈ પટેલ - અજીતસિંહ સુરમા**

●●●

## વિનંતીપત્ર

પ્રતિ,
મા. શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર

વિષય : તા. ૩૦-૬-૯૮ પછી નીમાયેલ શિક્ષકોને રક્ષણ અંગે
સંદર્ભ : તા. ૨૭-૪-૧૫ના કમિશ્નર કચેરીના પત્ર અન્વયે.

મા. બહેનશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે તા. ૩૦-૬-૯૮ પછીના નીમાયેલા કર્મચારીઓને ઉપરોક્ત સંદર્ભપત્ર થી ઊભી થયેલી પરિસ્થિતિમાં ફાજલ અંગેનું રક્ષણ રદ થતાં આ અંગે અમારી સંકલન સમિતિની વિનંતી નીચે મુજબ છે.

તા. ૬-૭-૯૮ ના શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર તા. ૩૦-૬-૯૮ સુધી નીમાયેલ ગ્રાન્ટ ઈન એઈડ શાળાના કર્મચારીઓને રક્ષણ આપવાનો નિર્ણય કરવામાં આવેલ ત્યારબાદ તેના સમર્થનમાં તા. ૧૬-૮-૨૦૦૨ ના શિક્ષણ વિભાગના ઠરાવમાં જણાવ્યા મુજબ તા. ૩૦-૬-૯૯ સુધીમાં ૩૬૫ દિવસની સેવા પૂર્ણ કરે તે કર્મચારીઓને રક્ષણ આપે છે.

(૧) તા. ૨૧-૫-૯૪ ના શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે વર્ગ બંધ થવાના કે શાળાબંધ થવાના કારણે ફાજલ થતાં કર્મચારીને રક્ષણ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

(૨) શિક્ષણ વિભાગના તા. ૩૧-૧૨-૦૯ના ઠરાવ અન્વયે વર્ગખંડમાં વિદ્યાર્થી સંખ્યાનો વધારો થતાં તેમજ સરાસરીમાં વધારો કરતાં વર્ગ ઘટાડા કારણે કે શાળા બંધ થવાના કારણે ફાજલ થતાં કર્મચારીને સમાવવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ.

(૩) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે તા. ૨૦-૨-૧૦ ના રોજ વિધાનસભામાં વિધેયક પસાર કરી ધો-૮ ને પ્રાથમિકમાં લઈ જતા અને માધ્યમિક શિક્ષણ ધો ૯, ૧૦ નું ગણાતા આ અસરને કારણે ફાજલ થતા શિક્ષકોને સમાવવા માટે શિક્ષણ વિભાગે તા. ૨૨-૧૧-૨૦૧૦ ના રોજ ફાજલ કર્મચારીને સમાવવા માટે ઠરાવ દ્વારા માર્ગદર્શિકા બહાર પાડેલ છે.

(૪) શિક્ષણ વિભાગના તા. ૨૫-૨-૧૧ ના ઠરાવમાં જણાવ્યા મુજબ સરકારશ્રીની ઉપરની નીતિઓને કારણે ફાજલ થતાં શિક્ષક / શિક્ષક સહાયક તથા કર્મચારીઓને રક્ષીત જાહેર કરીને તા. ૨૨-૧૧-૧૦ ના ઠરાવ મુજબ ફાજલ કર્મચારીઓને સમાવવા માટેનો સ્પષ્ટ નિર્ણય કરવામાં આવેલ છે.
સરકારની શિક્ષણની નીતિમાં ફેરફાર થવાને કારણે બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ થતાં કર્મચારીઓને શિક્ષણ વિભાગના તા. ૪-૫-૧૨ના ઠરાવ અન્વયે ફાજલ થતાં કર્મચારીઓને સમાવવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે તે જોગવાઈઓ યથાવત રાખેલ છે.

(૫) ગુજરાત સરકારે જુન-૭૬ થી ૧૦ + ૨ ની રાષ્ટ્રીય તરાહનો અમલ કરતાં આ નીતિને કારણે ફાજલ થતાં કર્મચારીઓને રક્ષીત જાહેર કરેલા. તેમજ ૨૭-૪-૧૧ ના ઠરાવથી ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં ધો-૧૧ તથા ધો-૧૨ ના ક્રમીક વર્ગ વધારા આપવાથી ધો ૧૧-૧૨ ની જુની શાળાની વર્ગ સંખ્યા ઘટતા શિક્ષકો ફાજલ થયેલ છે. તેમજ જુન-૧૧ થી રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્યમાં આર.એમ.એસ.એ.શાળાઓ શરૂ કરવામાં આવતા જુની શાળાઓના શિક્ષક ફાજલ થયેલ છે. તેમજ શિક્ષણ વિભાગના તા. ૧૦-૭-૧૪ના પત્રથી ગુજરાતની પ્રાથમિક શાળામાં માધ્યમિકનો ધો-૯ નો વર્ગ આપતા નજીકની જૂની શાળાઓના શિક્ષકો ફાજલ પડેલ છે.

(૬) તા. ૧૧-૨-૧૧ના જાહેરનામાંથી હવે ગ્રાન્ટ ઈન એઈડ શાળાના કર્મચારીઓને ભરતીની સત્તા સરકાર હસ્તક છે. દર વર્ષે મોટા પ્રમાણમાં કર્મચારીઓ નિવૃત્ત થાય છે. તેમજ લાંબા સમયથી નવી ભરતી ન થવાને કારણે મોટા પ્રમાણમાં જગ્યા ખાલી છે. લગભગ માધ્યમિક વિભાગમાં ૮૦૦ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૪૦૦૦, આચાર્યશ્રીની ૧૦૦૦ વહીવટીયમાં ૧૬૦૦ જગ્યાઓ ખાલી છે. તેના સેટ અપમાં ફાજલનો સમાવેશ થઈ શકે તેમ છે.

ઉપરોક્ત તમામ બાબતોમાં સરકારની નીતિઓમાં વારંવાર ફેરફાર થવાના કારણે આપશ્રીએ ગ્રાન્ટ ઈન એઈડ શાળાના તમામ કર્મચારીઓ પર રહેમ રાહ રાખી રક્ષણ આપેલ છે. તે બદલ અમો આપશ્રીનો સંકલન સમિતિ વતી સહહૃદય આભાર વ્યક્ત કરીએ છીએ. આજ રીતે તા. ૨૭-૪-૧૫ના કમિશ્નરશ્રીના પરિપત્ર થી કર્મચારીઓને છુટા થવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હોઈ આ પત્રની સૂચના રદ કરી આજ દિન સુધી નીમાયેલ કર્મચારીઓને માનવતાના ધોરણ બીન શરતી કાયમી રક્ષણ આપવા વિનંતી

આપશ્રીના સહકારની અપેક્ષા સહ...

**પ્રવિણસિંહ સોલંકી  અંબુભાઈ પટેલ  પંકજભાઈ પટેલ  રમેશભાઈ પટેલ  અજીતસિંહ સુરમા**

## સરકારી / બોર્ડની કામગીરીની જમા રજાઓ આપવા અંગે

સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી,
(માધ્યમિક)
ગાંધીનગર

વિષય : ૨૩-૯-૦૩ના ઠરાવનો અમલ કરવા બાબત.

મા. સાહેબશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે તા. ૨૩-૯-૦૩ના રોજ સરકારી / બોર્ડની કામગીરી જાહેર કરેલ હોય તેને રજા જમા મળે છે તે અંગે નો ઠરાવ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે તે ઠરાવ નો અમલ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તે અંગે પુનઃ આ ઠરાવ ગ્રાન્ટ ઈન એઈડ શાળામાં મોકલી આપવા વિનંતી.

**- પંકજભાઈ કે.પટેલ, પ્રમુખ ગુ. રા. ઉ. મહામંડળ**

● ● ●

### ગુ.રા. શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ

આદરણીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ
મા.શિક્ષણમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય
ગાંધીનગર

વિષય : કમિશ્નરશ્રી શાળાઓ ની કચેરી તા. ૨૭-૪-૨૦૧૫ના પરીપત્ર થી ફાજલ શિક્ષકને છુટા કરવાની કામગીરી સ્થગિત રાખવા બાબત.

જય જય ગરવી ગુજરાત સહ જણાવવાનું કે કમિશ્નરશ્રીએ તા. ૨૭-૪-૨૦૧૫ નો પરીપત્ર તમામ જિલ્લાના ડી.ઈ.ઓ. ને મોકલી આપેલ છે. તેના પરિણામે તા. ૧૯-૨-૨૦૧૪ થી ૨૭-૪-૨૦૧૫ દરમિયાન જે શિક્ષકો છુટા કરવાને બદલે અન્ય શાળામાં કામગીરી સોંપેલ છે અને તેવો ત્યાં ફરજ પણ બજાવે છે.

તા. ૨૭-૪-૨૦૧૫ની પરીપત્ર માં સ્પષ્ટતા ના અભાવે ચાલુ શૈક્ષણિક કામગીરી કરી રહ્યા છે તેઓને છુટા થવુ પડે તેવી પરિસ્થિતી નું નિર્માણ થયું હોવાથી તેમજ અમારી સંકલન સમિતિએ માન. મુખ્યમંત્રીશ્રીની સત્તાવાર મુલાકાત માંગેલ હોવાથી તા. ૨૭-૪-૨૦૧૫ના પરીપત્રથી ફાજલ શિક્ષકોને છુટા કરવાની ડી.ઈ.ઓ. શ્રી કાર્યવાહી ને સ્થગિત કરવા જરૂરી આદેશો આપવા આપ સાહેબને અમારી નમ્ર વિનંતી છે.

સહકારની અપેક્ષા સહ... આભાર

| અંબુભાઈ પટેલ | પંકજભાઈ કે. પટેલ | રમેશભાઈ પટેલ | અજીતસિંહ સુરમા |
|---|---|---|---|
| અધ્યક્ષ | ઉપપ્રમુખ | મહામંત્રી | સહમંત્રી |

નકલ રવાના : કમિશ્નરશ્રી શાળાઓની કચેરી જુના સચિવાલય

## ઉચ્ચતર મહામંડળનું આવેદનપત્ર

પ્રતિશ્રી,
માનનીયશ્રી
અધિક અગ્ર સચિવશ્રી,
શિક્ષણ વિભાગ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

વિષય : ઉપરોક્ત મહામડળના પ્રશ્નો અંગે મીટીંગ આપવા બાબત.

માનનીય સાહેબશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક સંઘ મહામંડળના નીચેના પ્રશ્નો ઘણા સમયથી ઉકેલાયા નથી. તે અંગે અમોને વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ બાદ મીટીંગ આપવાના હતા. પરંતુ ત્યારબાદ વિધાનસભાનું સત્ર શરૂ થતા અમોએ મીટીંગનો આગ્રહ રાખ્યો ન હતો. હવે આપશ્રી અમારા પ્રશ્નોના ઉકેલ માટે તાકીદે મીટીંગ આપશો તેવી વિનંતી છે.

પ્રશ્નો :

(૧) ૯૮ પછી અને ૩૧-૧૨-૨૦૧૧ સુધી નિમાયેલ ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, માધ્યમિક શિક્ષક, આચાર્યશ્રી અને વહીવટી કર્મચારીઓને બિનશરતી નોકરીનું કાયમી રક્ષણ આપવા અંગે.

(૨) ઉચ્ચતર શિક્ષકો અને આચાર્યશ્રીને નાણા વિભાગના તા. ૧૪-૯-૨૦૧૧ના ઠરાવ અનુસાર એન્ટ્રી લેવલ પે સ્કેલનો અમલ કરવા અંગે. (જે સત્તર જિલ્લામાં અમલ થયેલ છે.)

(૩) પાંચમા અને છઠ્ઠા પગારપંચમાં સરકારી કર્મચારીને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવામાં આવ્યું છે. પરંતુ ગ્રાન્ટ ઈન એઈડ શાળાના કર્મચારી શિક્ષકોને તે આપ્યું નથી. તેનો અમલ કરવા અંગે. (ખાસ નોંધ : માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ જ્યારે શિક્ષણમંત્રી હતા ત્યારે તા. ૧-૪-૨૦૦૨થી ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવાનું જાહેર કર્યું હતું. પરંતુ અમારામાંથી બે સંઘોએ તેનો અમલ સરકારી કર્મચારી સાથે તા. ૧-૪-૧૯૯૮ થી કરવા માંગણી કરી હતી જેથી તેનો અમલ થઈ શક્યો ન હતો.

(૪) ઉચ્ચતર માધ્યમિક શિક્ષકને ૩૧ વર્ષનું અને આચાર્યશ્રીને ૨૦ વર્ષનું ઉચ્ચતર પગારધોરણ આપવા અંગે.

(૫) એલ.ટી.સી. દસ દિવસની રજાનું રોકડમાં રૂપાંતર આપવા અંગે.

(૬) ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ચાર વર્ગે સુપરવાઈઝર આપવા અંગે.

(૭) માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં કાર્ય કરતાં સુપરવાઈઝરનું મહેનતાણું રૂા. ૧૫૦ ના બદલે રૂા. ૧૦૦૦ કરવા અંગે.

(૮) ઉદ્યોગ શિક્ષકની જગ્યા મદદનીશ શિક્ષકમાં રૂપાંતર કરી મદદનીશ શિક્ષકનું પગારધોરણ રૂા. ૧૬૪૦ આપવા અંગે.

(૯) ૯૫ પછી નવ વર્ષ પૂર્ણ થતા હોય તે ગ્રંથપાલોને ૪૫૦૦ ના બદલે ૫૦૦૦નું ઉચ્ચતર પગારધોરણ આપવા અંગે.

(૧૦) અમદાવાદ શહેર અને જિલ્લાના ઉદ્યોગ શિક્ષકોને ૨૦ વર્ષનું ઉચ્ચતર પગારધોરણ આપવા અંગે.
(૧૧) કહેવાતી લઘુલાયકાત ધરાવતા સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના શિક્ષકોના ૯-૨૦-૩૧ ફીક્સેસન અંગે.
(૧૨) તા. ૨૩-૯-૨૦૦૪ના શિક્ષણ વિભાગના ઠરાવનું કમિશનર કચેરી દ્વારા અમલીકરણ અંગે (સરકારી/બોર્ડની કામગીરી કરેલ હોય તો ૧/૩ રજાનું રોકડમાં રૂપાંતર અને રજા ભોગવવા અંગે)
(૧૩) સેનેટમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષકને સભ્યપદ આપવા અંગે.
(૧૪) ૯૫ પછી બી.એડ્. થયેલ લેબ ટીચરને ૧૬૪૦નું પગારધોરણ આપવા અંગે (ફક્ત ૧૨ લેબ ટીચર છે.)
(૧૫) જ્યારે ૯-૨૦-૩૧ વર્ષ પૂર્ણ થાય ત્યારે જ ૯-૨૦-૩૧નો અમલ કરવા અંગે (સી.સી.સી. પૂર્ણ કરે ત્યારે નહી)
(૧૬) મેટરનીટી લીવ (પ્રસુતિની રજા) ૧૩૫ દિવસના બદલે ૧૮૦ દિવસની કરવામાં આવેલ છે જે નાણા વિભાગના ઠરાવનો ગ્રાન્ટ ઈન એઈડ શાળાના કર્મચારીઓને અમલ કરવવા અંગે.
(૧૭) નાણા વિભાગના તા. ૨૦-૧૦-૨૦૧૪ ના ફિક્સ વેતનમાં સુધારો કરવા અંગેના ઠરાવનો ગ્રાન્ટ ઈન એઈડ શાળાના કર્મચારીઓને અમલ કરાવવા અંગે. (આ માંગણી પૂર્ણ થયેલ છે.)
(૧૮) નોનગ્રાન્ટેડ શાળાના પ્રોફાઈલ શિક્ષકોને નિયમિત કરવા અંગે.
(૧૯) પ્રાથમિકમાં પતિ-પત્નીના કિસ્સાની જેમ ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓનો સમાવેશ કરવા અંગે.
(૨૦) ૫૦ વર્ષે સી.સી.સી. પરીક્ષામાંથી મુક્તિ આપવા અંગે. (આ માંગણી પૂર્ણ થયેલ છે.)

●●●

## ઓપન સ્કૂલની પરીક્ષા અલગ અને જિલ્લાકક્ષાએ લેવા અંગે

પ્રતિશ્રી,
માશ્રી આર. આર. વરસાણી
ચેરમેનશ્રી
ગુ.મા. અને ઉ.મા. બોર્ડ
ગાંધીનગર

વિષય : ઓપન સ્કૂલના વિદ્યાર્થીને જિલ્લા કક્ષાએ પરીક્ષાલેવા બાબત.

મા. સાહેબશ્રી

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે પરીક્ષા સંચાલન સારીરીતે થાય માટે ઓપન સ્કૂલના વિદ્યાર્થીઓની પરીક્ષા જિલ્લા કક્ષાએ સુરક્ષા વ્યવસ્થા સાથે યોજાય જેથી રેગ્યુલર વિદ્યાર્થીને મુશ્કેલી ઉભી ન થાય અને રેગ્યુલર વિદ્યાર્થી પરીક્ષાના સારા માહોલ સાથે પરીક્ષા આપી શકે.

ઓપન સ્કૂલના વિદ્યાર્થી પરીક્ષા પ્રત્યે ગંભીર ન હોવા ને કારણે પરીક્ષા સ્થળના બ્લોકમાં વારંવાર અડચણો ઊભી કરે છે. પરીક્ષા કાર્ય સાથે સંકળાયેલ સ્થળ સંચાલકથી માંડી સુપરવાઈઝર સુધીનો સ્ટાફ પરીક્ષાના

કાર્યમાં મુશ્કેલી અનુભવે અને ટેબલે, સીસી ટીવી કેમેરામાં અનિયમીતતા બાબતે રૂબરૂ હીયરીંગમાં આવવું પડે છે અને નાની મોટી સજાના ભોગ બનવુ પડે છે માટે નિયમિત વિદ્યાર્થી અને કર્મચારીના હીતને ધ્યાનમાં રાખી ઓપન સ્કૂલના વિદ્યાર્થીઓની અલગ પરીક્ષા વ્યવસ્થા ગોઠવવી.

પંકજભાઈ કે.પટેલ
પ્રમુખ.ગુ.રા.ઉ.મહામંડળ

•••

## વિજ્ઞાનપ્રવાહમાં બોર્ડની બે પરીક્ષા રાખવા માટે

મુખ્યમંત્રીશ્રી/શિક્ષણમંત્રીશ્રી/શિક્ષણસચીવશ્રી
ચેરમેન શ્રી ગુ. મા. ઉ. મા. બોર્ડ, શિક્ષણ કમિશ્નરશ્રી

વિષય : ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા બન્ને વર્ષના અંતે રાખવા બાબત.

મા. સાહેબશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહ અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનો ભાર ખુબ જ છે માટે તા. ૨૮-૨-૨૦૧૫ ના રોજ રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની મિટીંગ અમદાવાદ ખાતે મળી હતી જેમાં નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ વર્ષના અંતે ૫૦ ગુણ ઓ.એમ.આર. અને ૫૦ ગુણ થિયરીની પરીક્ષા, ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ વર્ષના અંતે ૫૦ ગુણ ઓ.એમ.આર. અને ૫૦ ગુણ થિયરીની પરીક્ષા લેવી જેનો અમલ જુન-૨૦૧૫ થી કરવો તે અંગે બોર્ડના ચેરમેન સચીવ, બોર્ડના સભ્યશ્રીઓ, મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી, વગેરેને આ પત્ર પાઠવવા જેથી વિદ્યાર્થીના પરીક્ષાના ભારણ માં ઘટાડો થાય.

ઉપરોક્ત બાબતનાં અમલમાં આપશ્રી મદદરૂપ થાય તેવી અમારી વિનંતી. ઉપરોક્ત બાબતનો અમલ થાય તો નીચેના લાભ મળી શકે તેમ છે.

(૧) વિદ્યાર્થી ચાર ના બદલે બે પરીક્ષા આપતા બે પરીક્ષાના ભારણમાંથી મુક્તી મેળવી શકશે.
(૨) વિદ્યાર્થી અને વાલીની ચિંતા હળવી થશે.
(૩) વિદ્યાર્થી અને વાલીના આર્થિક ભારણ મા ઘટાડો થશે.
(૪) બોર્ડ બે પરીક્ષાના ભારણથી મુક્ત બનશે.
(૫) શ્રમ શક્તિ નાણાં નો બચાવ થશે અને હેતુ જળવાઈ રહશે.

આભાર... પંકજભાઈ કે.પટેલ
પ્રમુખ.ગુ.રા.ઉ.મહામંડળ

# ધો - ૧૦,૧૨ અને B.Sc પછી શું ?

## બી.એન.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડીકલ એન્ડ સાયન્સ

(પેરામેડીકલ વિભાગ) ● (સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ આણંદ સંચાલિત)

સી.પી.પટેલ કોમર્સ કોલેજ કેમ્પસ,એન.એસ.પટેલ સર્કલ,સરદાર પટેલ ઓવરબ્રીજ,આણંદ - ૩૮૮ ૦૦૧ ફોન : ૦૨૬૯૨-૨૫૦૪૩૨

Email : bnparamedical@yahoo.com • www.bnparamedical.org.in

## "મેડીસીન અને પેરામેડિકલ ફેકલ્ટીમાં અભ્યાસ કરવાની ઉત્તમ તક"

ધો-૧૨ સાયન્સ "A","B" અથવા "AB" ગ્રુપના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ તક

### B.Sc. (MT) મેડીકલ ટેકનોલોજી (Approved by Medicine Faculty)

સંલગ્ન : સરદાર પટેલ યુનિર્સિટી,વલ્લભ વિદ્યાનગર

૧.B.Sc.ઈન રીનલ ડાયાલિસીસ ટેકનોલોજી
૨.B.Sc.ઈન ઈમેજીંગ ટેકનોલોજી
૩.B.Sc.ઈન ક્લીનીકલ લેબ ટેકનોલોજી
૪.B.Sc. ઈન ઓપરેશન થીયેટર એન્ડ એનેસ્થેસિયા ટેકનોલોજી

### M.Sc. (MT) મેડીકલ ટેકનોલોજી (Approved by Medicine Faculty)

સંલગ્ન : સરદાર પટેલ યુનિર્સિટી,વલ્લભ વિદ્યાનગર

M.Sc.ઈન ક્લીનીકલ લેબ ટેકનોલોજી ● M.Sc.,MT Clinical Lab Technology

લાયકાત : Microbiology,Biochemistry,Environmental,Industrial Microbiology,Life Science (10 + 2 + 3 )

### પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા કોર્ષ (૧ વર્ષ)

પોસ્ટ ગ્રેજ્યુએડ ડીપ્લોમા ઈન હોસ્પિટલ મેનેજમેન્ટ
PG DIPLOMA IN HOSPITAL MANAGMENT
સંલગ્ન : મહાત્મા ગાંધી યુનિવર્સિટી
લાયકાત :B.A.M.S.,B.H.M.S.,B.Sc.
(Nursing,Microbiology Food & Nutrition,Bio Chemistry,Biology Bio Technology,Clinical Lab Teach,B.Pharm)

પોસ્ટ ગ્રેજ્યુએડ ડીપ્લોમા ઈન ડાયાલીસીસ મેનેજમેન્ટ
PG DIPLOMA IN DIALYSIS TECHNOLOGY
(મેડીસીન ફેકલ્ટી) (૧ વર્ષ) સંલગ્ન : સરદાર પટેલ યુનિવર્સિટી
લાયકાત :B.A.M.S.,B.H.M.S.,B.P.T.,B.Sc,Chemistry,Microbiology Bio Technology,Bio Chemistry,Nursing,Home Science,M.L.T.

### ટેકનીશીયન / પેરામેડીકલ સર્ટીફિકેટ કોર્ષ

સંલગ્ન : ભારત સેવક સમાજ પ્લાનીંગ કમીશન,ભારત સરકાર રજી.નં : BSSCC388001 AHE

| | |
|---|---|
| ● ડાયાલિસીસ ટેકનીશીયન | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● મેડીકલ લેબોરેટરી અને ઈ.સી.જી. ટેકનીશીયન | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● એક્સ-રે મેમોગ્રાફી ટેકનીશીયન | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● સર્ટીફાઈડ ઈન નર્સિંગ આસિસ્ટન્ટ | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● ઈમરજન્સી પેશન્ટ કેર ટેકનીશીયન | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● સીટી સ્કેન (CT Scan) ટેકનીશીયન | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● આઈ.સી.યુ. (ICU) ટેકનીશીયન સર્ટીફિકેટ કોર્ષ | (૧ વર્ષ ) ANM / GNM |

### ટેકનીકલ જોડાણ

● ગુજરાત કીડની ફાઉન્ડેશન અમદાવાદ ● ઈનફેક્સ રેડીઓલોજીસેન્ટર,અમદાવાદ ● એપોલો હોસ્પિટલ,અમદાવાદ ● ઝાયડસ હોસ્પિટલ,આણંદ ● આણંદ ઓર્થોપેડીક હોસ્પિટલ એન્ડ આઈ.સી.યુ.● ફ્રેસેનીયસ,જર્મની ● શ્રધ્ધા હોસ્પિટલ,બોરસદ

● અત્યંત આધુનિક સાધનોથી સુસજ્જ ઈન્સ્ટીટ્યુટ તથા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત ફેકલ્ટી ● સરકારી તથા પ્રાઈવેટ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલોમાં ટેકનીશીયન / ટેકનોલોજી તરીકેની કારકીર્દી ● હોસ્ટેલની સગવડ,કેમ્પસ રીક્રુટમેન્ટ તથા જોબ કાઉન્સીલીંગની વ્યવસ્થા

પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરો : ૯૯૨૪૦ ૭૮૨૪૪, ૯૫૭૪૭ ૩૪૪૫૦
સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક સુધી


Souvenir Product Ad - English
Size 210mm x 297mm
www.axisbank.com
Badhti ka naam zindagi...
AXIS BANK
LOANS
INVESTMENT SOLUTIONS
NRI SERVICES
PRIORITY BANKING
SAVINGS ACCOUNT
FIXED DEPOSITS
CREDIT CARDS
FOREX SOLUTIONS
YOUR PARTNER IN PROGRESS
For more information on our products and services, visit:
AXIS BANK LTD.
AHMEDABAD MAIN BRANCH
Trishul, Opp Samartheshwar Mahadev Temple, Law Garden, Ellisbridge, AHMEDABAD - 380006
Contact : Jignesh Mehta - 9824342012